જાદુઇ સંગ્રહસ્થાન.

રચનાર.

કે. એન્ડ સી. મેજીક હોલ તરફથી

પ્રો. ચુનીલાલ દામોદરદાસ.

સુરત

વિકટોરીઆ પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપ્યું.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કિંમત આના બે.

36

જાદુઇ સંગ્રહસ્થાન.

૧૧/૧૪ ૩૮

રચનાર.

ડે. એન્ડ સી. મેજીક હોલ તરફથી

પ્રો. ચુનીલાલ દામોદરદાસ.

સુરત

વિકટોરીયા પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપ્યું.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કિંમત આના બે.

અર્પણ પત્રિકા.

રા૦ રા૦ ડા૦ ભાઈદાસ અગુઆણી.

એલ, એમ, એન્ડ, એસ.

આપ આર્ય પ્રજાના ખરાબી વહેમોનું ખંડન કરવામાં
હમેશાં મને તન મન થી મદદ કરો છો તેમજ
મારા પ્રત્યેની આપની લાગણીનો ઉપકાર
માનવા ખાતર મહારા આ પહેલા પ્રયાસનું
અલ્પ પુસ્તક આપને અર્પણ કરતા
વિનંતી કરૂં છું કે જેમ હાલ આપ
મને મદદ કરો છો તેમ અહરનિશ
કરી દુનિયામાંથી ખોટા વ-
હેમોને જડ મુળથી ઉખે-
ડી નાંખવા આપનો
અમુલ્ય વખત ગુ-
માવી મદદ કર
શો. એવી
સેવક આ-
શા રાખે
છે.

મોહન ગુ. ભા.

વાણી વિલાસ.

સ્હેજ

અહો આર્ય બાંધવો, સાવધ થાઓ, સાવધ થાઓ હ્મારા પુર્વજોએ પ્રસિધીમાં આણેલી આપણી. ગુપ્તવિદ્યા કે ઘણાં વખતથી તમારા મનપરથી ખસી ગઈછે, અને જેને લીધે હ્મો ભોળા લોકો –અજ્ઞાન– અજ્ઞાનપણાનાં અગાધ સાગરમાં ડુબકીઆં માર્યા કરોછો તે સાગર તરી જવાને આ ગુપ્ત વિદ્યાનું લઘુ પુસ્તક પ્રગટ કરવાની તે જગતનિયંતા પ્રભુએ મારામાં જે પ્રેરણા કરીછે. તેને તનમન ધનથી મદદ કરો અને તે ગુપ્ત ધન પ્રાપ્ત કરી, જોગી, જતી, ભુવા વિગેરે દુનીઆંને ઠગી ખાનારા ઠગારાઓના પંજામાંથી મુકતથાઓ ! મહારી બાલ્યાવસ્થાના આ પ્રથમ પ્રયાસનું પરિણામ સંતોષકારક ઉતારો કે જેથી મને નવિન પુસ્તક રચવાનું અહોકાળ મનન થયા કરે. હ્મો જંત્ર મંત્ર હાથ ચાલાકી, અને ગુપ્ત વિદ્યાના અજ્ઞાન હોવાથી ઠગારાઓ તમને ઠગી જાયછે. માટે આ પુસ્તક વાંચી વાકેફ થાઓ અને એવા ઠગારાઓના પંજામાંથી બચો, માટે હે સરવે બાંધવો, આ પુસ્તકનું ધ્યાન સહિત મનન કરો અને તેના બીજા ભાગો પ્રગટ કરવાની મારા જેવા એક કુંઘરતી વયના યુવાનને ઉત્કંઠા ઉત્પન્ન કરાવો,

પ્રો૦ ચુ૦ દા૦

જાદુઈ સંગ્રહસ્થાન.

ઈંગ્લીશ ટોપીનો અજાયબ હેરત.

દુનિઆમાં ઘણી તરેહના ખેલો જુદા જુદા જાદુગરો કરેછે, તેઓમાંના કેટલાકો ઉંચો અસાધારણ ખેલ પણ કરેછે. અને સરવેને અજાયબીના અગાધ સાગરમાં રમતા મુકેછે. મેજીશીયન પોતે સ્ટેજ ઉપર એક ખાલી ઈંગ્રીશ ટોપી લઈ આવેછે. અને તે સરવેને જોવામાટે આપે. બાદ તે ટોપી પોતાના હાથમાં લઇ સ્ટેજ ઉપર જાયછે. અને ટેબલની ઉપર રાખેછે બાદ તે ટોપી સરવેની રુબરુમાં ઉઘાડી માંહેથી ફુલ, હાર, તોરા, વિગેરે ચ[illegible] નુમા કરી બતાવે છે. આથી જોવા આવેલાનો પાર રહેતો નથી [illegible], ખેલાડીની ટેબલ પાછળ એક [illegible] ના જોડેલી હોયછે, અને તે [illegible] ઉપર એક પથરાનો પેલો ગોળો તે માંહે ફુલ હાર વિગેરે ભરીગણી મુકેલો હોયછે. જે ગોળો ટોપી ટેબલ ઉપરથી ઉપાડતી વેળા સ-ફાઈથી ઉપાડી લઇ ટોપી [illegible] ટેકે અને પછી સ-

ણુ જાણે ટોપીમાંથી નીકળતું હોય એમ બતાવી તે ગે ળામાં હાથ ઘાલી કાઢી બતાવેછે.

રૂમાલ અને પેટી

ખેલાડી સ્ટેજ ઉપર એક ચીનાઇ રૂમાલ અને એક ખાલી પેટી હેઠે તળીઆ વગરની અને ઉપર ઢાંકણા વી નાની લઇને આવેછે અને સર્વેના દેખતાં એક છુટું ઢાંકણું રાખેલું હોયછે તે પેટી તળીએ ઢાંકી તે માહે એક રૂમાલ સરવેના દેખતાં નાંખેછે. અને પછી હેઠેનું ઢાંકણું કાઢી લઇ બતાવેછે, તો તે તદન ખાલી માલમ પડેછે. હવે એ પેટીમાંથી ઉડી ગયલો રૂમાલ પાછો પોતાના ખી શામાંથી અથવા તો બુટમાંથી કાઢી બતાવેછે —રીત— પેટીમાં એક જાતનું સીધું પડ હોયછે. અને તેજ પડના આધારે સઘળું થાયછે. એ પડ પેટીના એક બાજુના પાટી- આં સાથે બીજું પાટીઉં હેઠેલી જોડાઈ ખોલાતું રાખવું જોઇએ. જે વેળા તેની અંદર રૂમાલ મુકવામાં આવેછે, ત્યારે તે પડ ખુલી જાયછે અને શરવેને ખોલી દેખાડવા માં આવેછે, ત્યારે તે પડ ડબાઇ (દબાઇ) જઇ તેની અંદ ર રૂમાલ છુપાઈ જાયછે, આથી જોનારાઓ તે રૂમાલ ઉ ડી ગયલો ધારેછે. હવે જે રૂમાલ ખીસામાંથી અથવા તોબુટ માંથી નીકળેલો જણાયછે તે તેજ નમુનાનો બીજો હોયછે.

રૂમાલમાથી વીંટીનું આરપાર નીકલવું

ખેલાડી સ્ટેજ ઉપર જોવા બેઠેલા તમાસગીરો પાંસેથી એક રૂમાલ અને એક વીંટી માંગી લઇ રૂમાલના ચારે છેડા ઉપર દોરી બાંધી રૂમાલને મજબુત ચાર ખુણેથી બાંધી લેછે, પછી તમાસગીરોમાંથી કોઇ એકાદને બોલાવી પેલી વીંટી તેના હાથમાં આપેછે અને કહે છે કે, આ વીંટી રૂમાલની અંદરથી ચલાવી બહાર કાઢો આ માફક જયારે તમાસગીરથી થઇ શકતું નથી, ત્યારે પોતે તે વીંટી લઇ રૂમાલને એક છેડે આકાડેછે એટલે રૂમાલની વચ્ચે ભરાઇ જાય છે, અને સીધી ખેંચવા માંડે છે. એટલે જાણે રૂમાલની અંદરથીજ વીટી નીકળતી હોયને એમ સરવેને માલમ પડે છે, છતાં વીટીને અને રૂમાલને કોઈ જાતનું નુકશાન પહોંચતું નથી. રીત જયારે પોતે વીંટી બ બહાર કાઢે છે, ત્યારે વીંટી હાથની ચાલાકીથી હેર ફેર કરી લઇ રહેજ કાપેલી વીંટી હાથમાં પકડે છે અને રૂમાલની અંદર ભેરવી દઇ ખેંચવા માંડે છે અને ખેંચાઇ રહ્યા બાદ તુરતજ પાછી બદલી નાંખી ઓડીઅન્સને જોવા માટે આપી દેછે. હવે ઓડીઅન્સ પાંસે જયારે વીંટી માંગે છે ત્યારે તે વીંટી આપનાર ધણી ખેલાડી પોતાનો મળતીઓ રાખે છે, તેજ વીંટી આપે છે કે જેમાંની પોતા પાંસે કાપેલી તૈયાર હોય છે.

પાનું અને પાકું

ખેલાડી સ્ટેજ ઊપર પાનાનો એક કાડ લઇને આવે છે. અને તેને સરવેના દેખતાં ચીપી ખી ઓડીઅન્સમાં લઇ જઇને તે માંહેથી પ્રેક્ષકોનાંના ત્રણ જણ ઓને ત્રણ પાના લેવાં કહે છે, તેઓના જોયા પછી તે ત્રણે પાના બાળી નંખાવે છે. અને ત્યાર બાદ એક આખું પાંઊ બજારમાંથી લાવી તે માંહે થી તે બળી ગયલા પાના આખા કાઢે છે. રીત—પાંઉ બનાવ તી વેળા જ તેની વચમાં ત્રણ પાના દુકાનદાર સાથે ગોઠવણ કરી અંદર ઘાલાવી રાખવા, અને બજારમાંથી પાંઉ મંગાવતી વેળા એ આપણા મળતીયા પાસે તેજ પાંઉ મંગાવવું. પાના વહેંચતી વેળા આટલું ખુબ ધ્યાન રાખવું કે જે પાના પાંઉ રોટીમાં ઘાલેલાં છે, તેજ પાના સામા ધણીના હાથમાં જવા જોઇએ.

પાના અને સુર્યમુખી

ખેલાડી સ્ટેજના ઊપર એક પાનાનો કાડ લઇ આવી તે માંહેથી પાંચ પાના સરવે જોનારાઓને આપે છે અને તેમ ના જોયા બાદ તે પાના બળી નંખાવી તેની રાખ પીસ્તોલમાં ભરી સુયમુખીની સામું પીસ્તોલ છોડે છે એટલે તે બળી ગયલા પાના એકદમ તે સુર્યમુખી ઉપર આખા થઇને પા

મા આવી જાય છે. આમ અદ્રશ્ય રીતે પાના આવી જવાથી હોને અજાયબીમાં તદ્દન ગરકાવ થઈ જાય છે. રીત—સુર્યમુખીનાં પછાડી જેટલા પાંના અદ્રશ્યમાન હોય છે તેટલી કમાનો ખોસેલી હોય છે અને તે દરેક સાથે પાનાં બાંધેલાં હોય છે, આ દરેક પાનાની કમાનો સાથે જુદી જુદી દોરી બાંધેલી હોય છે અને તે સરવે દોરીને એકઠી કરીને તેના છેડા પડદા માંથી સ્ટેજની અંદર ગયલા હોય છે, ત્યાંથી એક બે ને ત્રણ કહેતાં ગીરધરના બરની સાથે તે બધી દોરી ખેંચી દે છે કે એ થઈને વળેલી કમાનો એકદમ સીધી થઈ જઈ પાના જે અદ્રશ્ય હોય છે તે દેખાતા થાય છે.

ખાલી ગ્લાસ અને બોલતો રૂપીઓ

ખેલાડી સ્ટેજ ઉપર પાનાનો એક કેક લઈ આવી તે માંથી ચાર પાના જોવા બેઠેલા તમાશગીરોને આપે છે. અને પછી તે પાના પાછા કાર્ડમાં મુકાવી એકઠા કરી નાંખી કાર્ડ એક ટેબલ ઉપર મુકે છે અને બીજા ટેબલપર એક ખાલી ગ્લાસ સરવેને બતાવી મુકે છે હવે જોવા બેઠેલા તમાશગીરે પાંસેથી તે એક રૂપીઓ માંગી લે છે, અને સરવેના દેખતાં તે રૂપીઓ પેલા ગ્લાસમાં નાંખી તે રૂપીઆને સવાલ કરે છે કે જોવા બેઠેલા ગ્રહસ્થોમાં જે જે ગ્રહસ્થોએ પાના લીધા છે તે તું મને કહીશ, આના જવાબમાં ગ્લાસમાં રૂપીઓ ખખડે છે

પછી પુછે છે કે પેહેલા ગ્રહસ્થનું પાનું શું છે, ગ્રાલ્લઓર છે ! કાળીઓર છે ? પુલેવર છે ? કે ચોકટ છે ? આના જવાબમાં જે જાતનું પાનુ હોય છે, તે જાતનું નામ આવે છે કે ખડીંગ દઇને અંદર રૂપીઓ ઊછળે છે. બાદ ફરી પુછેકે કે એકો છે ? દુરી છે ? તીરી છે (એ પ્રમાણે છેક દશ સુધી અને રાજા, રાણી ગુલામ, શું છે આમ પુછતા જયારે પાનું ધારનાર શખશનું પાનું આવે છે કે ફરીથી ખડીંગ દઇને રૂપીઓ ઉછળવો શરૂ થાય છે. આમ વગર જોયે પોતાના પાના રૂપીઆની મદદથી નીકળતા હોવાથી પ્રેક્ષકોના મનપર અદભૂત અસર થાય છે. રીત—ખેલાડી પહેલાંથી જે ટેબલ ઊપર ગ્લાસ મુકવું હોય છે, તે ટેબલ ઉપર એક રૂપીઆ ઝીણું કાણું પાડી તેની સાથે એક કાળો દોરો બાંધી તેનો બીજો છેડો સાઇડ કટર્સની અંદર લઇ જઇ મુકી રાખે છે, હવે જે રૂપીઓ જોનાર ગૃહસ્થ પાંસથી લીધો હોય તે રૂપીઓ હાથમાંજ છુપાવી રાખી તેને બદલે પેલો દોરી બાંધેલો રૂપીઓ ગ્લાસમાં નાંખી દેવો. બાદ તે રૂપીઓ જયારે જવાબ અપાવવો હશે ત્યારે પડદા પછાડી છુપાઇ રહેલો માણસ ખેંચશે કે તુરત ગ્લાસ સાથ અથડી જવાબ આપશે, પણ પાના વહેંચવામાં ખુબ ધ્યાન રાખવું જોઇએ કે જે પાના આપણા અંદરના મળતીઆ માણસને નોટ ડાઉન કરી આપેલાં હોય તેજ હોવા જોઇએ.

ખાલી બાટલી અને શરબત.

ખેલાડી સ્ટેજ ઊપર એક ખાલી બાટલી લઇ આવે છે અને તે સરવેની રૂબરૂ ઊંધીવાળી જાણે ખાલી હોય એમ બતાવે છે, બાદ બીજા હાથમાં એક ગ્લાસ લઇ તેમાં જ્યારે તેજ બાટલી ઊંધી વાળે છે, ત્યારે તેમાં શરબત આવે છે. ફરીથી તેજ બાટલી પાછી સરવે જોનારાઓને ઊધીવાળી બતાવી ખાલી હોવાની ખાત્રી કરી આપી ત્રીજા ગ્લાસમાં ઊંધી વાળે છે, ત્યારે દારૂ નીકળે છે અને ચોથા ગ્લાસમાં ઊંધી વાળે છે ત્યારે પાણી નીકળે છે. આમ એકને એક બાટલીમાંથી સરવે નીકળતું હોવાથી જોનારાઓ અજાયબ થાય છે કે, એક બાટલીમાંથી ચાર જુદી જુદી ચીજો શી રીતે નીકળે છે, પણ તેનો ખુલાસો નીચે વાંચવાથી વાંચનાર તારી અજાયબીનો પાર રહેશે નહીં. રીત—એ બાટલી કાચને બદલે પતરાની બનાવેલી હોય છે અને તેનો ગોળાર્ધ ભાગ જયાંથી પુરો થઇ લંબુચો ભાગ આવે છે ત્યાંથી તે ખુલતી રહે છે. હવે ખુલેલા ભાગના અંદરની બાજુમાં ચાર નાની નળીઓ રાખી તે નળીઓ ઊપર એક ગોળ પતરૂં વળગાડી તેને સીસા સાથે અંદરથી સંધાવેલી, ચારે નળીઓ સાથ બીજી ચાર નાની નળીઓનું જોડાણ કરી તે દરેકને સીસા સાથે અંદરથી રેડી દઇ સીસાને બહારથી ચાર નાના કાણું રાખે છે.

અને તે ચારે નળીમાં જુદી જુદી ચીજો ભરી રાખી ઊપરનું કવર બંધ કરી દઇ બહારથી ચારે કાણાં ડબાવી રાખી બાટલી ઊંધી વાળે છે, એટલે બાટલીમાંથી કાંઇજ નીકળતું નથી. કેમકે હવાના દબાણને લીધે તે માંહેથી કશું બહાર નીકળી શકતું નથી, જ્યારે ચાર હોલમાંથી એક હોલ ઊપરનો હાથ લઇ લે છે ત્યારે તે હોલમાંથી પાણી નીકળે છે. અને જે વખત તે બંધ કરે છે ત્યારે પાણી નીકળતું બંધ થઇ જાય, છે. એજ માફક ચાર હોલમાંથી નીકળી શકે છે.

ચેંજીંગ રીંગ

બે પોહોળા પીતળના કડા લઇને જાદુગર સ્ટેજ ઊપર આવી તે સરવેને ખાલી બતાવે છે, અને ત્યાર બાદ તે બે કડની વચે એક કાગળનો કટકો મુકી તે કટકો વચમાંથી ફાડી તેમાંથી કાગળની લાંબી ને લાંબી ચીપ કાઢવી શરૂ કરે છે આ ચીપ લગભગ ૧૦૦—૧૫૦ વાર સુધીની એમને એમ લાંબી ને લાંબી નીકળી આવે છે. આથી પ્રેક્ષકો એ કડામાં કાંઇ જાદુઈ ગુણ હોવાનું ધારે છે. રીત—કાગળની લાંબાને લાંબી ચીપનું ગુંચળું કરી તેને ટેબલ પછાડી હવાઇ ઊપર રાખી મુકે છે. આમ કીધા બાદ એક કડું ટેબલપર મુકી તેની ઊપર કાગળ મુકે છે અને બીજું કડું ચઢાવી હાથમાં લેતા પેલું ચીપનું ચકરડું કડા સાથે ઊપાડી લે છે.

ભુસુ ભરેલો પ્યાલો.

જાદુગર સ્ટેજ ઉપર એક ખાલી પ્યાલું અને એક હાથ હામાં ભુસુ ભરી લઇને આવે છે. અને સરવેના દેખતાં તે પ્યાલું ભુસાવાળા હાથ હામાં નાંખી તેમાં ભુસુ ભરી સરવેને બતાવે છે. અને કહે છે કે આ પ્યાલામાં મેં સરવેના દેખતાં ભુસુ ભરેલું છે, એ ભુસું હું મારી આ જાદુઇ લાકડીમાં સરવેના દેખતાં લઇ જવા માંગુ છું એમ કહી ભુસુ ભરેલું પ્યાલું લાકડીની સામુ ધરી એક, બે ને ત્રણ કરે છે કે તે માંહેલી સઘળું ભુસુ ઊડી જઇ પ્યાલું ખાલી દેખાય છે, રીત—એક હુધીઆ હાચનું બેઉ બાજુથી સરખું પ્યાલું લઇ તેના તળીઆના ભાગ ઊપર થોડું ભુસુ સરસ મેળવીને લગાડી રાખવું અને ખાલી બાજુમાં સરવેના દેખતાં ભુસુ ભરી તે હાલવી નાંખવું. આમ બે ત્રણવાર કરવાથી લોકો એમ ધારે છે કે તેની માંહે ભુસુ ભરેલું છે. પણ ખરું જોતાં ભુસુ હોતું નથી પણ ગ્લાસની બાજુ ઊલટાવી નાંખેલી હોય છે. આમ સરવેને બતાવ્યા પછી એક, બે ને ત્રણ કરતાં પેલો ભુસાવાળો ભાગ ઊલટાવી નાંખી ખાલી ભાગ હાથમાં પકડે છે.

રૂપીઆ અને પારીઉં.

ખેલાડી જોનારા બેઠેલાઓમાંના કોઇએક સખસ પાસે બેક રૂપીઆ માંગી લઈ તે સરવેના દેખતાં પોતાના હાથ વતી

એક નાનું સમચોરસ પાટીઊ કે જે સ્ટેજ ઊપર દોરીવતી બાં ધેલું હોય છે, તેના તરફ ફરી એક, બે ને ત્રણ કરી નાખે છે, કે તુરત તે રૂપીઓ પાટીઆની વચોવચ જઇને ચોંટી જાય છે. રીત—જે રૂપીઓ તમાસગીરો પાંસેથી ખેલાડી લે છે તે રૂપી ઓ પોતે પાટીઆ સામું નાંખતો નથી, પણ પોતાની બાંયમાં છુપાવી દેછે, પાટીઆને વચમાંથી એક ઝીણું છીદ્ર રાખેલું હોય છે તે છીદ્રમાં દોરો પોરવી તેનો બીજો છેડો સ્ટેજની અંદર લઇ જાય છે, અને પહેલા છેડા સાથે એક રૂપીઓ બાં ધી તે રૂપીઓ પાટીઆના પાછલા ભાગપર છુપાવી રાખે છે, અને જ્યારે એક, બે, ત્રણ કરે છે કે અંદરથી છુપાઇ રહેલો માણુસ દોરો ખેંચી લેછે કે પાટીઆ પછાડી છુપાવી રાખેલો રૂપીઓ પાટીઆ ઉપર આવી જાય છે.

ફ્રેમ અને પાના

એક ખાલી સમચોરસ ફ્રેઇમ કે જેને અગાડી કાચ અ ને અંદર કાળું પાટીઉં હોય એવો ખેલાડી સ્ટેજ ઉપર ગોઠવી રાખે છે. અને ત્યાર બાદ પાનાનો કાર્ડ હાથમાં લઇ ઓડી અન્સ વચે જઇ પાંચ પાના વહેંચી આપી આવે છે, બાદ એ પાના બાળી નાંખવા માટે કહી તે બળી રહ્યા પછી સરવેના દેખતાં પીસ્તોલમાં ભરી પીસ્તોલ પેલા ખાલી ફ્રેઇમ સામું ફોડે છે કે તુરત તેમાં પેલા બાળેલા પાના આખા થઇને આ

વી જાય છે. આથી પ્રેક્ષકોની અજાયબીનો પાર રહેતો નથી. રીત—જે તકતામાં પાના આવે છે. તેની પાછળનું પાટીઉં કાળું રંગેલું હોય છે. અને તેની વચ્ચે પાના જોડી લીધેલા હોય છે આમ તૈયાર થયા પછી તેની ઉપર એક કાળું કપડું તકતા જેવડું મુકી તેની સાથે એક દોરી બાંધી તે દોરાનો સંબંધ ટેબલ હેઠેથી સ્ટેજની અંદર લઇ જાય છે, હવે તેજ નમુનાના પાના ખેલાડી બાળી નંખાવે છે અને તેની રાખ પીસ્તોલ ઉપરની મોટી ટોપ કે જે અંદરથી પોકલ હોય છે. તેમાં ભરી રાખી ફ્રેમ સામુ ખાલી બાર કરે છે, કે તુરત સ્ટેજ અંદરનો માણસ દોરો ખેંચી લેછે કે પેલા પાના દેખાય છે.

પેટીની અજાયબી.

ખેલાડી સ્ટેજ ઉપર એક સમચોરસ ખાલી પેટી લઇ આવે છે, અને તે સરવેને બતાવી પાછી બંધ કરે છે. અને ફરી જ્યારે ખોલે છે, ત્યારે તેમાંથી ફળ વગેરે નીકળે છે અને વળી પાછી લોકોને ખાલી બતાવી ફરીથી બંધ કરી ખોલે છે ત્યારે તેમાંથી વળી વધુ ચીજો નીકળે છે. જેથી તમાસગીરો પેટી વીશે ઘણા શકમંદ થઇ જાય છે. ખુલાસો. એક સમચોરસ પેટી બનાવવી પણ તેને તળીઉં સાંધેલું ન રાખતાં એક બાજુ પર બે બડવાં જડાવી ખુલતું દેખાતું રાખવું. હવે જે ટેબલ

ઊપર તે પેટી મુકેલી હોય તે ટેબલને વચમાંથી કાપેલું રા ખી તેની અંદર ખાનું રાખવું અને તેમાં સઘળી ચીજો ભરી રાખવી.

હાથમાંથી રૂમાલનું ગેબ થવું

ખેલાડી એક ચીનાઈ રૂમાલ હાથમાં લઈ સ્ટેજ ઊપર આવી સર્વેના દેખતાં બે હાથ જોડી વચમાં પકડે છે. બાદ બે હાથ જોડેલા રાખી હાથો હલાવતો જાય છે, જેમ જેમ વખત જાય છે, તેમ તેમ તે હાથમાં સમાતો જણાય છે. છેવટ પોડો બાકી રહે છે, ત્યારે જાદુઈ લાકડી હાથમાં પકડી તેના ઉપર ફેરવી પાછી એક ઈંગ્લીશ કેપ (ટોપી) કે જે ટેબલની ઉપર પડેલી હોય છે, તેની ઊપર મુકી દઈ પોતાના હાથના ચાળા કરવા પાછા શરૂ છે અને છેવટ મુઠી વાળી દઈ બીજે હાથે પાછી તે ઉપર લાકડી ફેરવી રૂમાલ ઉડી ગયલો બતાવે છે. અને મુઠી ખોલી નાંખે છે તો તેમાં કશું હોતું નથી. ખુલાસો —રૂમાલની હાથના ચાળા કરતાં હાથમાં ને હાથમાં નાની અમસ્થી ગોળી વાળતાં જવી અને બાંયની અંદર રબરની દોરી ટાંકી રાખી તેની સાથેના ઉકમાં રૂમાલ ભેરવી બાંયમાં ઉતારી દેવો,

---

દડો અને બાટલ.

ખેલાડીના સ્ટેજ ઊપર બીજા સામાન સાથે ટેબલ ઉપર એક ખાલી બાટલી મુકેલી હોય છે, હવે જાદુગર હાથમાં એક રબરનો દડો લઇ આવી સરવેના દેખતાં બાટલીથી ઘણો દુર ઉભો રહી પેલો દડો હાથમાં પકડી તે દડો સરવેના દેખતા એક, બે ને ત્રણ કરતાં ઊડાવી દે છે, અને ફરીથી એક, બે ને ત્રણ કરતાં અદભુત રીતે બાટલીના મોઢાં ઉપર આવી બેસે છે આથી જોનારાઓની અજાયબીનો પાર રહેતો નથી, ખુલાસો—બાટલીના તળીઆના વચલા ભાગમાં એક ઝીણું અમથું બાકું પાડેલું હોય છે, તેવુંજ બીજું બાકું ટેબલમાં પણ હોય છે, હવે બાટલીના મોંહ ઉપરથી દોરો પોરવી બાટલીના તળીઆમાંથી ટેબલના હોલમાં રહી તે દોરો અંદરના ભાગમાં લઇ જાય છે, અને બાટલીને પહેલે છેડે એક દડો બાંધી રાખી તેને ટેબલ પાછળની હવળઈમાં છુપાવી રાખે છે, આટલું તઇયાર કીધા પછી એક બીજો તેજ નમુનાનો દડો હાથમાં લઇ તેને હાથની સફાઇથી સઉના દેખતાં ઉડાવી દેછે. અરથાત બાંયમાં છુપાવી દેછે, અને પછી જેવો એક, બે ને ત્રણ કહે છે તેવો પડદા પાછળ છુપાઇ રહેલો માણસ દોરી ખેંચે છે, કે પેલો ટેબલ પાછળથી હવળાઇ ઉપર છુપાવી રાખેલો દડો સી

સાના મોહુ ઉપર આવી જાય છે, વાંચનાર આ ખેલ કરતીવેળા એ એટલી સાવચેતી રાખવી કે દોરો તુટી ન જાય.

રૂમાલ અને વિંટી

પ્રેક્ષકોમાંથી એક રૂમાલ અને એક વિંટી માગી લઇ રૂમાલમાં વીંટી બાંધવી તથા બીજો રૂમાલ અને રૂપીઓ માંગી લઇ રૂમાલમાં રૂપીઓ બાંધવો અને બેઉએ જુદા જુદા સખશોને હાથમાં પકડવા આપવા, બાદ જે શખશે વીટી પકડી હોય તેના હાથમાંથી રૂમાલ લઇ રૂમાલની ગાંઠ છોડી નાંખી રૂમાલ ખોલી ઝાટકી નાંખવો, આમ કરવાથી રૂમાલ માંહેની વીંટી ઉડી ગયલી માલમ પડશે, હવે રૂપીઆવાળા રૂમાલને ગાંઠ સાથેજ કાયમ રાખી ખખડાવશો તો તેમાં વીંટી અને રૂપીઓ બેઉએ માલમ પડશે, આથી તમાસગીર આતી અજાયબીમાં પડશે કે આ અદભુત ચમત્કાર શી રીતે થયો, રીત—એક રૂમાલને એક ખુણે રૂમાલને આમળી વીંટ વાળવી અને તેમાં ખરી વીટી બાંધતી વેળાએ ખરી વીંટી ન બાંધતાં તે હાથમાંજ રેહેવા દઇ જે રૂમાલને છેડે વીંટ વાળી હોય તે છેડોજ બાંધી દઇ તે વાળેલી વીંટી હાથમાં ડબાવી દેવી હવે રૂપીઓ રૂમાલ માં બાંધતી વેળા તેની સાથે તેજ વેળાએ પેલી ખરી વીંટી

પણ અંદર મુકી દઈ હાથમાં રૂપીઓ પકડાવી દેવો. આમ કીધા પછી પહેલાં જે રૂમાલમાં વીંટી બાંધેલી છે, તેની ગાંઠ છોડી ખંખેરી નાંખવો અને રૂપીઆ બાંધેલો રૂમાલ (કે જેમાં છુપી રીતથી ખરી વીંટી મુકેલી છે; તે રૂમાલ) ગાંઠ સહીતજ હાથમાં લઈ હલાવવો. આથી જોનારાઓની અજાયબીનો પાર રહેશે નહીં.

મીણબત્તી અને પાનું.

એક પાનાનો કાર્ડ લઈ જાદુગર તમાસગીરો વચ્ચે એક પાનું વહેંચી આપે છે. અને પછી તે પાનુ સરવેના દેખતા સળગાવી નાંખી તેજ પાનું પાછું આખું મીણબતીની અંદરથી કાઢે છે—ખુલાસો અગાઉથી જાદુગર મીણબતીને તળીએથી એક સળીઆવતી વચમાંથી કોતરી કાઢી તેમાં પાનું વાળીને ઘાલે છે, બાદ પાછો તળીઆ અંદર મીણબ-તીનો ભુકો ભરી દઈ આખી જેવી બનાવી દેછે. હવે તે પોતે પાના એવી સફાઈથી વહેંચે છે કે જે નમુનાનું પાનું પેલી મીણબ-તીમાં ઘાલેલું હોય છે, તેજ નમુનાનું પાનું તમાસગીરના હાથમાં જાય છે.

પાનાની હેરત ભરેલી રમતો.

ખેલાડી પાનાનો એક કાડ લઈ તેમાંથી જોવા બેઠેલા ગ્રહસ્થો પાંસે એક પાનું ધરાવે છે, અને પછી તેને પાનાના કાર્ડમાં મુકાવી દઇ સેળભેળ કરી નાંખી પાનાનો કાડ સામુ ધરી પ્રેક્ષકોને પુછે છે કે આ પાનું તમારૂં ધારેલું છે તો તેનો જવાબ મળે છે કે, ના, નથી, તો તે પાનું સરવેના દેખતાં ટેબલ ઊપર મુકે છે. તેમજ બીજું પણ નહીં ધારેલું મુકે છે, અને એજ માફક ત્રીજું પણ નહીં ધારેલું મુકે છે, આ પ્રમાણે નહીં ધારેલાં પાના મુકી તેમાંથી એક બે ને ત્રણ કરતાંની સાથે ધારેલુ પાનુ કાઢી બતાવે છે.—ખુલાસો પાનું ધરાવીને પાછું કાર્ડમાં મુકાવતી વેળાએ ખેલાડી તે પાનું સફાઇથી સરવે પાનાની ઉપર લઇ જાય છે અને ચીપી નાંખે છે. હવે તે પાનું હેઠેથી ગણતાં ત્રીજું રાખી મુકે છે, પેહેલું પાનું બતાવી પુછે છે કે આ છે, તેનો જવાબ નકારમાં મળતાં તે પાનું ટેબલ ઉપર મુકે છે બીજાનો પણ નકારમાં જવાબ મળવા પછી તે પાનું મુકવાને બદલે પેલું ત્રીજું પાનુ નહીં ધારેલું એવુ મુકે છે. પછી પેલા ત્રણમાંથી ધારેલું શોધી બતાવે છે.

બાવન પાનામાંથી ગમે તે રંગના ૧૩ પાના એકથી તે દશ અને ગુલામ, રાણી, રાજા લઇ તેને એક સરકલમાં જાદુગર ઊંધા ગોઠવે છે, બાદ તેમાંથી એક પાનું ધારવા ક

હી કહે છે કે હું જેટલીવાર પાના ઊપર હાથ મુકું તેટલીવાર તારા ધારેલા દાણામાં તેટલા દાણા વધારજે અને જ્યારે ૨૦ થાય ત્યારે મને કહેજે જે આ પાના ઊપર ૨૦ થયા, તે પાનુ જો હું ઉપાડીશ તો તે તારૂં ધારેલુંજ નીકળી આવશે. આમ કહી પાનું ધારવા કહે છે. અને જ્યાં ૨૦ થાય છે, ત્યાંથી પાનું ઉપાડે છે તો તેજ પાનું પેલાનું ધારેલું નીકળી આવે છે. રીત—ખેલાડી પોતે જે ટકોરા મારે છે. તે અવારનવાર ગમે તેમ નથી મારતો પણ ગણત્રી બંધ મારે છે. અવારનવાર ગમે તે પાનાઓ ઉપર ૭ ટકોરા મારી સાતમો ટકોરો હમેશાં બાદશાહ ઊપર, આઠમો રાણી ઊપર, નવમો ગુલામ પર, ૧૦મો ૧૦પર, ૧૧મો નવાપર, ૧૨મો અઠા ઉપર, એમ અનુક્રમે ટકોરા મારવા. કે જેથી તેના ધારેલાં પાના પરજ ૨૦ મો ટકોરો આવી રહેશે.

ધી ગ્રાંડએરોયલ સસ્પેન્સન.

(એક સ્ત્રીનો હવામાં અધર તરતો દેખાવ)

જાદુગર સ્ટેજ ઊપર બે લાંબી અને મજબુત લાકડીઓ, એક લાંબો બાજટ અને એક નહાનો બાજટ લઈ આવે છે. અને તે સરવેને બતાવી લાંબો બાજટ કે જેમાં બે નાકે બે કાણાં હોય છે તેમાં લાંબી લાકડીઓ ઘાલી વચમાં નહા

ના બાજટ મુકે છે. હવે એક સ્ત્રીને લાવી તે બે લાકડીના બે છેડા તેની બગલની અંદર મુકી પગ નહાના સ્ટુલ ઊપર મુકાવે છે અને પછી સ્ટુલ કાઢી લઇ એક લાકડીપર રાખી એક લાકડી પણ કાઢી લેછે. એટલે માત્ર એકજ લાકડી ઉપર તે સ્ત્રીને લટકાવાનો સઘળો આધાર રહે છે. બાદ તેના બે પગ પકડી તેણીને જેમ જેમ સીધી કરતો જાય છે તેમ તેમ તેણી અધરને અધર લટકતી જાય છે. આમ એક લાકડીના આધારપર લાંબા હાથે અંત્રીકસ લટકતી જોઇ સરવે કોઇ અજાયબીમાં ગરકાવ થઇ જાય છે. રીત—જે બે લાકડી બાજટની અંદર ઘાલવામાં આવે છે. તેમાંની એક પોલી હોય છે. અને બીજી નક્કર હોય છે. નકર લાકડી ખેલ કરતી વેળા કાઢી લઇ પોલી રહેવા દેછે. હવે જે સ્ત્રીની બગલમાં તે લાકડી ભેરવવાની હોય છે, તેણીની બગલમાં ડ્રેસની અંદરથી એક આંટાવાળુ ચક્કર હોય છે, તે ચક્કરને ફરતું અટકાવવા માટે તેની સાથે એક સ્પ્રીંગ જોડવામાં આવે છે. એ સ્પ્રીંગ સાથે એક બે ઇંચ લાંબો લોખંડનો કટકો જોડેલો હોય છે, જે પોલી લાકડીની અંદર ભેરવી દેવામાં આવેછે.

ધારેલા પાનાનું ઊંચે ચઢવું.

ખેલાડી સ્ટેજ ઉપર પાનાનો એક કાર્ડ લઇને આવે છે અને તેમાંથી ચાર—પાંચ પાના તમાસગીરોને વહેંચી આપી

તે પાના બીજા પાના સાથે એક ખાલી પાના જેવડી ટીન પ તરાની ડબ્બીમાં મુકી હુકમ કરે છે, તેમ તેમ એક એક પાનુ પોતાની મેળે ઉપર આવે છે. રીત—અગાઉથી ખેલાડી જે ચાર પાના ડબ્બીમાંથી કાઢવા હોય છે તેમાંના બીજા ચાર પા ના થોડા પાના સાથે લઇ દોરી બાંધી રાખી ડબ્બીમાં મુકી રાખી દોરીનો બીજો છેડો સ્ટેજ અંદરના માણસને આપી રા ખે છે, તે જેમ જેમ દોરી ખેંચે છે, તેમ તેમ પાના ઉપર આ વે છે. પણ પાના વહેંચતી વેળા એટલું ખુબ ધ્યાનમાં રાખ વું કે જે પાના અગાઉથી ગોઠવી રાખેલાં છે, તેજ વહેંચાવા જોઇએ.

હાથમાંથી ગોળાનું ઉડી જવું.

ખેલાડી લાકડાનો એક મોટો ગોળો હાથમાં લઇ આ વી સરવેને ખાત્રી કરવા માટે આપી તે મોટો ગોળો એક, બે ને ત્રણ કરી સરવેના દેખતાં ઊંરાડી મુકે છે. રીત—જે લાક ડાનો ગોળો સરવેને બતાવી સ્ટેજ ઉપર લઇ જાય છે. તે હા થની સફાઇથી બદલી લઇ તેને બદલે ફુકણાના રબરનો ગો ળો હાથમાં પકડી લે છે. અને તે એક, બે, ત્રણ કરી ડબાવી દે છે, કે તુરત ફાટી જાય છે, પણ બેઉએ ગોળાનો રંગ અને મો ટાઇ એક હોવી જોઇએ.

બાટલી અને ગ્લાસ

જાદુગરના સ્ટેજ ઉપર એક ટેબલપર એક સીસો અ ને એક ટેબલપર એક ગ્લાસ મુકેલું હોય છે. તેના ઉપર સર વેના દેખતાં તે કવર ઢાંકે છે. અને પછી જ્યારે ખોલે છે, ત્યા રે જે બાજુ સીસો મુકેલો હોય છે, તે બાજુ ગ્લાસ આવે છે અને ગ્લાસવાળી બાજુ ઉપર સીસો આવે છે એજ માફક પાછો સીસો હોય છે ત્યાં ગ્લાસ જાય છે અને ગ્લાસ હોય છે ત્યાં સીસો જાય છે- આમ અદ્રશ્ય રીતે એક બીજાના ફેર ફાર થવાથી તમાસગીરોની અજાયબીની હદ રહેતી નથી; ખુલાસો—ટેબલ વચમાંથી કાપેલું રાખી ટેબલની હેઠે મ ણુસ છુપાવી રાખવો જે કવર ઢંકાયા પછી હેરફેર કર્યા કરશે. આ ખેલ જુદી જુદી અનેક રીતે થાય છે.

ઘડીઆળનું ગેબ થવું

ખેલાડી સ્ટેજ ઊપર આવી જોવા બેઠેલા તમાસગીરો પાંસેથી એક ઘડીઆળ જોવા માટે માંગી લઇ તે સરવેના દે ખતાં એક દાબડીમાં મુકી દાબડી બંધ કરી દછે, અને તેને એક રૂમાલમાં લપેટી લઇ તમાસગીરોની વચમાં જઇ કોઇ એકના કાન આગાડી ધરે છે અને પુછે છે કે, ઘડીઆળ છે કે નથી, આના જવાબમાં એકના કાનમાં અવાજ આવતો હો

વાથી એક હા પાડે છે, ત્યારે બીજો ના પાડે છે, જ્યારે ત્રીજો હા પાડે છે, આમ અવારનવાર હા ના પાડતાં હોવાથી તમાસગીરો અંદર ઘડીઆળ છે કે નહીં, તેને માટે શકમંદ થાય છે. બાદ તેઓ શકમાં ન રહે માટે ખેલાડી ઘડીઆળવાળી દાબડી ખોલી બતાવે છે, તો અંદર ઘડીઆળ હોતું નથી. બાદ સ્ટાર સ્ટેજની અંદરથી લાવી સરવેની સામું ખેલાડી મુકે છે જે તદન ખાલી હોય છે. તેની ઊપર પીસ્તોલનો બાર કરે છે કે ઘડીઆળ તેની ઊપર આવી જાય છે. અને પેટી તમાસગીરોના કાન અગાડી ધરે છે તો તે ખાલી જણાય છે, કેમ કે અંદર અવાજ થતો નથી વળી ફરીથી પીસ્તોલ છોડે છે, એટલે તેજ ઘડીઆળ પાછું ત્યાંથી ઉડી જાય છે. અને પેલી પેટી કાન અગાડી ધરે છે, તો તેમાં વાગતું માલમ પડે છે, આમ કીધા પછી પાછુ તે ઘડીઆળ તેમાંથી ઊડાવી મુકે છે, અને તારા [સ્ટાર] ઊપર બતાવે છે, અને દાબડી ખોલીને ખાલી બતાવે છે.—ખુલાસો જે દાબડીઓમાં ઘડીઆળ આવે છે, તે અંદરથી ખુલતી રહે છે, અને તેમાં ઘડીઆળ મુકતી વેળા તુરત કાઢી લેછે અને પોતા પાંસે ખેલાડી છુપાવી રાખે છે. બાદ પેટી એવી હીકમત વાળી હોય છે કે તેની અંદરના ભાગમાં ઘડીઆળને લગતું સાંચા કામ જોડેલું હોય છે, જે ઠેસીને આધારે અવાજ કરે છે અને અવાજ કરતુ બંધ

થઇ જાય છે, બાદ પેલું ઘડીઆળ સ્ટારની પછાડીના ભાગપર ખેલાડી સ્ટાર લાવતી વેળા ભેરવી દે છે અને તેની દોરી અંદરના માણસના હાથમાં હોય છે, જે પીસ્તોલનો બાર થતાં ખેંચે છે, એવીજ રીતે અવાર નવાર ખેંચવાથી ઘડીઆળ આવે અને જાય છે.

બોલ અને ખાલી ભુંગળા.

ખેલાડી સ્ટેજ ઊપર પતરાના બે ખાલી ભુંગળા લઇને આવે છે. અને તે સરવેને ખાલી બતાવી એકમાં સઊના દેખતાં ત્રણ દડા નાંખે છે, અને બીજામાં કાંઇ નહીં નાંખતાં તે તદન ખાલીજ રહેવા દઇ બેઉ એપર કવર ઢાંકે છે, આમ કીધા પછી જ્યારે થોડીવારે ઊઘાડીને જોઇએ છીએ ત્યારે જેમાં બોલ નાંખેલા હોય છે, તે ખાલી જણાય છે અને જે સ્ટેન્ડ ખાલી મુકેલું છે, તે બોલથી ભરેલું જણાય છે. આથી તમાસગીરોની અજાયબીનો પાર રહેતો નથી ખુલાસો—બેઊએ સ્ટેન્ડ જેટલી ઊંચાઇમાં હોય તેટલીજ ઊચાઇના અંદર ઉતરતાં પોલાં ઢાંકણા બનાવવાં અને તે ઢાંકણાંમાં ઉતરતાં બીજા બે કવરો બનાવવા. બીજા કવરની અંદર જેમાં બોલ લાવવા છે, તેમાં બોલ અગાડીથી રાખી મુકી બીજું ત્રીજું કવર ભેળી દઇ સાથે ખાલી સ્ટેન્ડમાં ઉતારવું અને ઊઘાડતી વેળા એકલું

ત્રીજું ઊઘાડવું એટલે બોલ અંદર આવેલાં જણાસે. બીજુ ટેન્ડ કે જેમાંથી બોલ ઊરાડવા છે, તેમાં બીજું ત્રીજું સાથે ઉતારી ત્રીજું કવર ખોલી નાંખવું એટલે બોલ્સ અંદરના ભાગમાં ડબાઇને રહી જશે આથી એકમાંથી ઉડી ગયલા અને એકમાં આવેલા દેખાશે.

પુનર્જન્મ.

કેટલાક ખેલાડીઓ પુનર્જન્મનો ખેલ કરે છે એટલે પહેલાં એક ખાલી નહાની બારી હોય છે. જયાં કશું પણ હોતું નથી, પણ સરવેના દેખતાં ત્યાં એક માટીની ખોપરી આવે છે, પછી ધીમે ધીમે ફેરવાતાં એક જીવતું ડોકું થઇ જાય છે બાદ ખાલી પંજરૂ થઇ જાય છે, પછી તેમાં પક્ષી આવે છે, બાદ ફુલનુ ખાલી કુંડું થઇ જાય છે તેમાં ઝાડ ઊગે છે, બાદ તેને ફુલ આવે છે પછી એક પાણી ભરેલું શીશ પોટ થઈ જાય છે. અને તેમાં જીવતી માછલી આવે છે એમ અનેક પ્રકારના

પ્રેક્ષકોની નજર આગળને આગળ કાંઇ પણ કરર ફીશાવાના ફેરફાર થતો હેવાથી પ્રેક્ષકોના મન અતી ઊંડાણ વીચારમાં પડે છે. પણ તે ખેલ નીચે મુજબ થાય છે. ખુલાસો—ખેલાડી જે જગ્યાએથી એ ખેલ કરવાનો હોય છે, ત્યાં તેટલા ભાગમાં તે એક ડાર્ક રૂમ [અંધારી કોટડી] બનાવી લે છે અ

ને જે ટેબલ ઊપર સઘળું થવાનું હોય છે ત્યાં એક સીટ ગ્લાસ આડો મુકી તેની બેઉએ બાજુપર અવાર નવાર ખેંચાતો નહી નો કાળો પડદો રાખે છે, હવે પોતાની ડાર્ક રૂમમાં બે મોટી ચીમનીઓ સળગાવી તેની લાઇટ પેલી અમાડી દેખાતી ચીજપર પાડે છે અને પછાડી ગોઠવ્યા કરે છે એમ ગોઠવ્યા પછી તે લાઇટ અવાર નવાર સામ સામું પડે છે, જેથી એક દેખાતી અદ્રષ્ય થાય છે ને બીજી જણાય છે. આ ખેલમાં સરવે કરતાં લાઈટની ખુબી વીશેશ છે. આ ખેલ જયારે મોટા પાયા ઉપર થાય છે, ત્યારે એને પ્લે ઓફ ગોસ્ટ (ભુતોના ચમત્કાર) પણ કહેવામાં આવે છે.

ગ્લાસમાંથી ગંગા નદીનું વહેવું

ખેલાડી સ્ટેજ ઉપર જુદી જુદી ત્રણ ટેબલો ગોઠવી તે દરેક ઊપર સરવેના દેખતાં એક એક આખું ગ્લાસ મુકે છે અને ત્યાર બાદ એક ટેબલ આગળ જઇ હાથમાં એક પંખો લઇ તેનાથી ગ્લાસને હવા નાંખે છે, એટલે ખાલી ગલાસમાંથી પાણીની (ફુવારો) સેરો ઊંચે ઊડવા માંડે છે. આમ સેર ઊંચે ઉડયા બાદ તેજ સેર ઉપર હાથમાનો પંખો ધરે છે. એટલે તે પંખામાંથી આડી સેરો વહેવા માંડે છે. બાદ જેમ પંખો નીચો કરે છે તેમ સેરો નીચી થતી જાય છે અને ઉંચો

કરે છે, તેમ શેરો ઊંચી થતી જાય છે- આમ વારા ફરતી ત્રણે ટેબલોપરના તદન આખાં અને ખાલી ગ્લાસોમાંથી પાણી ઊ રાડી બતાવે છે. રીત—જે જે ટેબલો ઉપરથી પાણી ઉરાડવું હોય છે, તે ટેબલોની વચમાં એક એક હોલ પાડી ત્યાંથી રબરની નળી ટેબલના પાયામાંથી સ્ટેજની અંદર લઇ જવી અને તેને છેડે પાણી ભરી રાખવું, આમ કંપલીટ થયા પછી જ્યારે જ્યારે પાણી ઉરાડવું હોય ત્યારે ત્યારે અંદરનો માણસ તે પાઇપ ચલાવે (ડબાવે) છે કે પાણી ઊંચે ઉડે છે અને તેની ઉપર પંખો ફરતો રાખવાથી પંખાની સળીઓમાંથી શેરો ચાલતી માલમ પડે છે. આ ખેલ બીજી બે રીતોથી પણ થાય છે.

પરચુરણ ખેલોના ખુલાસાઓ.

કેટલાકો મોઢા ઉપર રૂમાલ ઢંકાવી કોયલા (કોલસા) [illegible] છે અને પુછે છે કે શું ખાધું ત્યારે ખાનાર જણાવે [illegible]ઇ, કાજુ, આળુ વીગેરે. આમાં ખાવડનાર કોયલાને [illegible]સાનો ભુકો ભભરાવી કાળું કરેલું. કાજુ, આળુ [illegible] ખવાડે છે [illegible] [illegible]ની કતરણો [illegible]થી મોમાં [illegible]લે [illegible]

તીજ પકડવો. (૫) હાથમાંથી પાંજરૂં ઉડાવવું હોય તો બાંય માંથી રબરની દોરી બાંધી પીતળની ચીપને બદલે પીળી દો, રીથી બનેલું અને બાંયમાં ના રબર સાથે બાંધેલું રાખી ઉડાવવું. (૬) કેટલાકો માણુસનું ડોકું કાપીને થાળી માં મુકેલું બતાવે છે પણ ખરૂં જોતાં તો જો ખેલ જમીનપર થયો હોય તો શરિર જમિનમાં હોય છે અને જો ટેબલપર થયો હોય તો તે ટેબલ આંધળા કાચનું બનેલું હોવાથી ટેબલમાં હોય છે. [૭] પાવલી ઉડાવી લીંબુમાંથી કાઢવામાં આવે છે, તે પહેલાંથી લીંબુમાં ઘાલી રાખવી યાતો લીંબુ કાપતી વેળા અંદર સફાઇથી રાખી દેવી, (૮) પાનું બાળીને તેની રાખ કાર્ડની ઉપર ભભરાવી તેજ પાનું જ્યાંથી તમાસગીર માંગે ત્યાંથી આપવું હોય તો (૫૨) પાનાજ એક સટના રાખવા. (૯) સીસામાં રૂપીઆ ઉતારવા હોય તો તેને વચમાંથી ઘસીને કાપી નાંખી રબમાં મુકી સાંધી લેવા અને સીસામાં વાળીને ઉતારી દેવા અંદર ઉતરશે કે, પાણ આખાં થઇ જશે. [૧૦]

મ અપાવવે ...ગે

સ પાંસે